કૃપા બસ એટલી ઈશ્વર થવા દે,
તું મારા ઘરને મારું ઘર થવા દે.

તિલસ્મી ખેલ જાદુગર થવા દે,
સઘન અંધકાર છૂમંતર થવા દે.

પવન, આ જ્યોતની ઉંમર થવા દે,
જરા અજવાસ પણ પગભર થવા દે.

દુવા માગું કે મારા કદ પ્રમાણે,
કદી તો માપસર ચાદર થવા દે.

બધાં સુખદુઃખ મને મંજૂર છે પણ,
બધું સરખું ને માફકસર થવા દે.

ઘણી મહેનત કરી છે જિન્દગીભર,
હવે પરસેવાને અત્તર થવા દે.

મને પણ પૂજશે લોકો યકીનન્
મને પણ પીર કે પથ્થર થવા દે.

મને ડર છે કોઈ તફડાવી લેશે,
ગઝલ પર મારા હસ્તાક્ષર થવા દે.

ખલીલ ઇચ્છાઓ ગાંડીતૂર થઈ છે,
કઈ રીતે બધું સરભર થવા દે.

■

## સોગાત

એમણે પૂછ્યું કે જો મોસમ મઝાની છે કે નહિ,
દિલને મેં પૂછ્યું કે ભઈલા સાવધાની છે કે નહિ.

એની ક્યાં ચિંતા કે આફત આવવાની છે કે નહિ,
એટલું પૂછી જુઓ, પાછી જવાની છે કે નહિ.

ફૂલ છું, ચાહો તો ડાળી પરથી તોડી લો મને,
પણ પ્રથમ જોઈ લો ઘરમાં ફૂલદાની છે કે નહિ.

એક નાનકડા દીવા પર જોર અજમાવે છે તું,
હે પવન, તારામાં થોડી ખાનદાની છે કે નહિ.

સાદગી પર મારી હું મગરૂર છું તે છું હવે,
આ તમારું રૂપ પણ મિથ્યાભિમાની છે કે નહિ.

હાથમાં દેવાને બદલે ફૂલ તેં ફેંક્યું હતું,
કાચની બારી ઉપર જોજે નિશાની છે કે નહિ.

સુખ અને દુ:ખ બંને જલસાભેર ભોગવ્યાં છે તેં,
માણવા જેવી ખલીલ આ જિંદગાની છે કે નહિ.

■

ઘોર અંધારામાં મધરાતે જે ભટકાયો હતો,
ભર બપોરે ગુમ થયેલો મારો પડછાયો હતો!

હાથ તેં ઊંચો કર્યો'તો આવજો કહેવા, અને,
લાલ પાલવ કોઈનો અધવચ્ચે લહેરાયો હતો!

એ ખરો ખોટો હતો, એ તો પછી સાબિત થયું,
એક જણ મૃત્યુ પછી લોકોને સમજાયો હતો!

આ અજાણ્યા શ્હેરમાં પણ ઓળખે છે સૌ મને,
એ હદે ક્યારે વગોવાયો કે પંકાયો હતો?

જો પતંગિયું હોલવી દેતે તો દુઃખ થાતું મને,
મારો દીવો સીધો વાવાઝોડે ટકરાયો હતો!

ભીંત ફાડીને ઊગ્યો છું પીપળાની જેમ હું,
હું વળી ક્યાં કોઈના ક્યારામાં રોપાયો હતો!

પર્વતો કૂદી જનારો સ્હેજમાં ભાંગી પડ્યો,
આ વખત એ કોઈની પાંપણથી પટકાયો હતો.

હું ખલીલ, આજે મર્યો છું, એ પ્રથમ ઘટના નથી,
જિન્દગીભર હફ્તે હફ્તે રોજ ચૂકવાયો હતો!

■

તારી સામે જે દિવસ ઝાંખો પડ્યો છું હું મને,
આયનાની રૂબરૂ જાતે લડ્યો છું હું મને.

ક્યાંક શત્રુઓ નડ્યા છે, ક્યાંક મિત્રો પણ નડ્યા,
જ્યાં કશું નડતર નહોતું ત્યાં નડ્યો છું હું મને !

જ્યાં ગુમાવો, ત્યાં જ શોધો, એ હવે સાચું પડ્યું,
આખરે તારા જ ફળિયેથી જડ્યો છું હું મને.

પાનખરમાં ને વસંતમાં ફેર શું એ જાણવા,
તમને અડકીને પછી ખુદને અડ્યો છું હું મને.

હું ખલીલ આ દિલને સાચવવામાં લૂંટાઈ ગયો,
છેલ્લાં બે ત્રણ વર્ષોમાં મોંઘો પડ્યો છું હું મને.

■

નિરાંતે બેસવા જેવી જગ્યા સમજીને બેઠો છે,
અહીં એ પગનાં છાલાં ફોડવા સમજીને બેઠો છે.

નદી જેવી નદી એની તરસને છેતરી ગઈ છે,
હવે દરિયાને પણ એ ઝાંઝવા સમજીને બેઠો છે.

એ સજદામાં નથી તો પણ હવે માથું નહીં ઊંચકે,
મદદ કરનાર સૌને એ ખુદા સમજીને બેઠો છે.

બધાને મિત્ર સમજે છે, બધા મિત્રો નથી હોતા,
તું વાવંટોળને પોચી હવા સમજીને બેઠો છે.

બધાં વૃક્ષો તળે ઝાંખી પડેલી રાત પોઢી છે,
અને એને જ માણસ છાંયડા સમજીને બેઠો છે.

હવે આરામથી પોતાના પગ પર એ ખડો થાશે,
સગાંસંબંધીઓને પારકાં સમજીને બેઠો છે.

ખલીલ એવો કઠણ માણસ જે દુઃખને દુઃખ નથી કહેતો,
તમારી બદદુવાને પણ દુવા સમજીને બેઠો છે.

■

# સોગાત

લે જરા તારામાં સ્થાપી જા મને,
સ્હેજ મારામાંથી કાપી જા મને.

મારી ભીતર ધખધખે છે તાપણું,
તુંય જો ઇચ્છે તો તાપી જા મને.

સૂર્ય છું પણ ક્યાં જઈને આથમું,
રોજ તારી સાંજ આપી જા મને.

મારું કદ પ્હેલેથી જે છે એ જ છે,
લે ફરી એક વાર માપી જા મને.

હું ખલીલ અદકો રઝળતો શબ્દ છું,
કોરો કાગળ લાવ છાપી જા મને.

■

આમ અધ્ધરતાલ ના શોધો કે સધ્ધર કોણ છે?
ઝેરનો પ્યાલો લઈ પૂછો કે શંકર કોણ છે?

રૂબરૂ ખુદને મળીને મેં મને પૂછી લીધું,
હું અરીસા બા'ર ઊભો છું તો અંદર કોણ છે?

શ્હેરના ફૂટપાથ સુધ્ધાંને નથી એની ખબર,
આ નગરમાં કોણ મેયર છે કમિશનર કોણ છે?

હું નથી શેહજાદો, તું દાસી નથી ને તે છતાં,
આપણી વચ્ચે જલાલુદ્દીન અકબર કોણ છે?

હું અને તું, મીણબત્તી, ફૂલ અને મારી ગઝલ,
બોલ, પાંચેપાંચમાંથી સૌથી સુંદર કોણ છે?

આ ગગનચુંબી ઇમારતના મિનારા જોઈને,
કોઈ પૂછો તો ખરા, પાયાનો પથ્થર કોણ છે?

પ્રેમપત્રો – એમના ફોટા ને સૂકાં ફૂલ છે,
જો ખલીલ, આવો અહીં બીજો તવંગર કોણ છે?

■

## સોગાત

ત્યાં તમે ઊભાં છો એની ખાતરી આપી હતી,
તમને સ્પર્શેલી હવાએ બાતમી આપી હતી.

આટલી ખારાશ તારા પાણીમાં ક્યાંથી ભળી?
મેં તો ઓ દરિયા તને મીઠી નદી આપી હતી.

એ ચમક આજેય ચમકારા કરે છે આંખમાં,
સ્મિત આપ્યું'તું તમે કે વીજળી આપી હતી.

બે ગઝલપુસ્તક તને આપ્યાં હતાં તું યાદ કર,
મેં તને 'સારાંશ' પહેલાં 'સાદગી' આપી હતી.

ના, હવે અધવચ્ચેથી પાછો વળું મુમકિન નથી,
તેં જ આગળ આવવા પરવાનગી આપી હતી.

સાવ મામૂલી ઉઝરડો, સ્હેજ લોહીની ટશર,
તોય પાટો બાંધવા તેં ઓઢણી આપી હતી.

પણ ખલીલ એમાં પછી તો કેટલાં છાલાં પડ્યાં,
જે હથેળીમાં તમે મેંદી મૂકી આપી હતી.

■

આમ કોયલ આગવા ટહુકા કરે છે,
તોય માળો પારકો શોધ્યા કરે છે.

છેક લગ એને બધા જોયા કરે છે,
કો'ક આખું ફળિયું લઈ ચાલ્યા કરે છે.

જિંદગીને જેમ રીઝવતો રહું છું,
એટલા એ નિતનવા છણકા કરે છે.

વાદળાં વરસીને પરવારી ગયાં પણ,
બે દિવસથી ઘરની છત ટપક્યા કરે છે.

પામવા પોતાની અંગત દ્રૌપદીને,
રોજ કોઈ માછલી વીંધ્યા કરે છે.

આ ગઝલ છે, કાંકરી કે કણ નથી આ,
કેમ તારી આંખમાં ખટક્યા કરે છે.

જાતને સમજી નથી શકતા કદી પણ
લોક બીજાનું બધું સમજ્યા કરે છે.

રોજ કટકે કટકે ઓછો થઈ રહ્યો છું,
રોજ મારામાં કશું તૂટ્યા કરે છે.

મીણની માફક હું ઓગળતો રહું છું,
કોઈ મારા પર બહુ તડકો કરે છે.

ને ખલીલ, એ મળવા આવું છું કહીને,
રોજ સરનામું મને પૂછ્યા કરે છે.

■

ક્યાં પવન પર સવાર થાવું છે?
મારે બસ સામે પાર થાવું છે.

તું જ રસ્તો ને તું જ સેતુ બન,
તારા પરથી પસાર થાવું છે.

તારી પાસે ક્યાં પામવું છે કશું,
તારી પાછળ ખુવાર થાવું છું.

તું જ આવે ને પ્રેમથી ખોલે,
એ મુજબ બંધ દ્વાર થાવું છું.

કોઈના કાળજા સુધી પહોંચું,
એટલું ધારદાર થાવું છે.

તીર મારી કમાનમાં પણ છે,
તોય મારે શિકાર થાવું છે.

તોડે અથવા તિરાડ પાડી દે,
એ ગજાનો પ્રહાર થાવું છે.

એ જ તોડે રિવાજ જ્ઞાતિનો,
જેમને નાતબા'ર થાવું છે.

મોતથી દૂર ગમે ત્યાં ભાગો,
રૂબરૂ એક વાર થાવું છે.

તું ખલીલ આંખમાં અશ્રુ સાથે,
પૂછ કોને ઉદાર થાવું છે!

■

દરેક માણસ હવે બીજાનો ચ્હેરો લઈને નીકળે છે,
વગર ચ્હેરાના લોકો પણ અરીસો લઈને નીકળે છે.

નદીમાં પૂર આવે ત્યારે લોકો દૂર જઈ બેસે,
પછી એ ઝાંઝવાં તરવા તરાપો લઈને નીકળે છે.

ઘણા પ્રશ્નો અહીં રઝળે છે ઉત્તર શોધવા માટે,
અને ફરમાન ઉપરથી વિવાદો લઈને નીકળે છે.

કદી પથ્થરને પર્વતનો દરજ્જો આપવા માટે,
અધૂરા છીછરા લોકો તમાશો લઈને નીકળે છે.

અમે તો કોઈને પણ બદદુવા દેવા નથી ઇચ્છતા,
પરંતુ શ્વાસ ભીતરથી નિસાસો લઈને નીકળે છે.

નગર આ, જીવતી લાશોના કબ્રસ્તાન જેવું છે,
દરેક જણ પોતપોતાનો જનાજો લઈને નીકળે છે.

ખલીલ, આ દુનિયાદારી એક એવી જેલ છે જ્યાંથી,
જુવાની જાય અંદર તો બુઢાપો લઈને નીકળે છે.

■

પાઘડી એ ક્યાં ગઈ સાહેબ, ડંડો ક્યાં ગયો?
રોજ થાતો'તો હવેલીમાં એ જલસો ક્યાં ગયો?

કેમ આ રઘવાયેલા ચૂંથાયેલા લાગો હવે?
ચાલમાં એ દબદબો ક્યાં છે, એ ઠસ્સો ક્યાં ગયો?

ઝાડને તો એટલું પણ પૂછવું અપરાધ છે,
ડાળે બેસી ઝૂલતો કોયલનો ટહુકો ક્યાં ગયો?

જાવ ઘરડાઘરમાં પણ કોઈને એ ના પૂછશો,
જેને વરઘોડે ચડાવ્યો'તો એ દીકરો ક્યાં ગયો?

પૂછ એ માથું નમાવી ફરતા વારસદારને,
એ વડીલોપાર્જિત ટોપીનો મોભો ક્યાં ગયો?

એણે પૂછ્યું સ્મિતમાં ભીનાશ આજે કાં નથી,
જોઈ લે ખુદ રણને પૂછે છે કે દરિયો ક્યાં ગયો?

છે ખલીલ અજવાળું શબ્દોમાં હજી પણ એ જ છે,
પણ તમારી આંખે છલકાતો ઉમળકો ક્યાં ગયો?

■

અહીં લીટી ઉપર લીટી બને છે,
નવો મારગ તો ક્યાં જલદી બને છે.

પડે છે કેટલાં છાલાં આ પગને,
પછી એકાદ પગદંડી બને છે.

■

એ જ ફેલાવે છે જૂઠી વાત જાણીજોઈને,
ને અજાણ્યો થાય છે કમજાત જાણીજોઈને.

માનશે સ્વપ્નાઓ પણ અહેસાન મારી ઊંઘનું,
એટલે જાગ્યો'તો આખી રાત જાણીજોઈને.

એમની પણ કોઈ મજબૂરી હશે નહીંતર કદી,
કોઈ પણ આપે નહીં આઘાત જાણીજોઈને.

ફંડફાળો આપવો પડતો નથી બસ એટલે,
માગવા આવે છે એ ખેરાત જાણીજોઈને.

ક્યાંય ભૂલો શોધવાનું કામ મિત્રો ના કરે,
શત્રુઓ ઊભા કરો છ-સાત જાણીજોઈને.

એણે બસ સૉરી કહ્યું ને વાત પૂરી થઈ ગઈ,
આમ તો મારી'તી એણે લાત જાણીજોઈને.

કેમ વણમાગી સલાહો એમને આપું ખલીલ,
હું કરું શું કામ ચંચૂપાત જાણીજોઈને.

■

ચોર ચોકીદાર ભેગા થઈ ગયા,
બે અલગ સંસ્કાર ભેગા થઈ ગયા.

કાફલો રઝળે છે રસ્તામાં હજી,
રાહબર ઘરબાર ભેગાં થઈ ગયાં.

આંગળીને આંગળી અડકી ગઈ,
વીજળીના તાર ભેગા થઈ ગયા.

આપણે ઘરના રહ્યા ના ઘાટના,
સાધુઓ સંસાર ભેગા થઈ ગયા.

એકલું જીવનારના મૃત્યુ પછી,
વીસ વારસદાર ભેગા થઈ ગયા.

ગરદનો ટૂંકી પડી’તી મંચ પર,
એટલા ફૂલહાર ભેગા થઈ ગયા.

ને ખલીલ અફવાને પાંખો આપવા,
શ્હેરનાં અખબાર ભેગા થઈ ગયાં.

■

સોગાત

ધીકતા રહેવું, એ મારો કાયમી ધંધો નથી,
રણ કહે છે આટલામાં ક્યાંય પણ દરિયો નથી.

કોઈ ખુદના ઘરમાં પણ વનવાસ વેઠે છે સદા,
તે છતાં લંકાદહન જેવું કરી શકતો નથી.

ટેરવાં દાઝી જશે, મારામાં કંઈ ફંફોસ ના,
રાખ છું પણ કેમ જાણ્યું રાખમાં તણખો નથી.

"હું કબૂલું છું ગુલાબો ચૂંટવાના પાપને,"
જા કહી દે હું કોઈના બાપથી ડરતો નથી.

હું જ મારી લાશ ઊંચકીને ફરું છું ચોતરફ,
આ નગરમાં કોઈ કોઈને ઊંચકવાનો નથી.

આજ દાદીમાની આખી વારતા ખોટી પડી,
જોઈ આવ્યા ચાંદ પર ડોશી નથી ચરખો નથી.

આ ગલીમાં તો ખલીલ અજવાળાં ક્યાંથી આવશે,
એક પણ બારીમાં કોઈ ચાંદનો ટુકડો નથી.

■

કોઈ આવે ને મને મારામાંથી છૂટો કરે,
પંચને ભેગું કરીને ક્યાંક તો રસ્તો કરે.

માત્ર એક ભીનો દિલાસો ને બધું મ્હોરી ઊઠે,
કોણ આ રેતાળ આંખો ભીંજવે, દરિયો કરે.

એમ ના માનો હંમેશાં હોલવી નાખે પવન,
કોક દિ' દીવાને છંછેડે અને ભડકો કરે.

ખાનદાની શત્રુ સામે હારવામાં પણ મજા,
જે હરાવીને મને, જાતે જ પસ્તાવો કરે!

જા હવે ફૂલો ચડાવી આવ, શરમાવાનું શું?
બે ઘડી છો ને કબરમાં લાશ પણ જલસો કરે.

તું અગર મારી ગઝલને ગણગણે એકાંતમાં,
તો રદીફ તબલાં વગાડે, કાફિયા મુજરો કરે.

તૂટશે મંદિર કે મસ્જિદ તો તરત ઊભાં થશે,
માનવી ભાંગી પડે તો કોઈ ના બેઠો કરે!

પીઠ પર સૂરજને લાદી ક્યાં સુધી ચાલે કોઈ,
ખુદના પડછાયાનો માણસ ક્યાં સુધી પીછો કરે.

આયના પાસે નવો ચ્હેરો નથી મારા સિવા,
ક્યાં સુધી કોઈ ખલીલ એ આયનો જોયા કરે.

■